# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સાથે નોંધાયેલ વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે, ધો.૧૨(વિજ્ઞાન પ્રવાહ) મે-૨૦૨૧ ની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ ૨૦/૦૨/૨૦૨૧ હતી, જે તા.૦૨/૦૩/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ હતી.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના આવેદનપત્રોમાં કોઇપણ વિદ્યાર્થીની માહિતીમાં શાળા કક્ષાએથી જ સુધારા કરવા માટે અથવા પ્રિન્સીપાલ એપ્રુવલ કરવા માટે વધુ એક દિવસ ૦૩/૦૩/૨૦૨૧ સુધી Online સુવિધા ચાલુ રહેશે.

વિદ્યાર્થીનું Principal Approval બાકી હોય તો તે પણ તારીખ:૦૩/૦૩/૨૦૨૧(રાત્રીના ૧૨ કલાક) સુધી કરી શકાશે. તા.૦૩/૦૩/૨૦૨૧ બાદ Online કોઇપણ પ્રકારના સુધારા કે પ્રિન્સીપાલ એપ્રુવલ કરી શકાશે નહી.

જો કોઇ શાળાએ Final Approval કરેલ હોય અને આવેદનપત્રો ભરવાના કે સુધારા કરવાના બાકી હોય તો Final Approval નું ટીકમાર્ક કાઢીને Submit કરવાથી આવેદનપત્ર ભરી શકાશે અને સુધારો કરી શકાશે.

તા.૦૨/૦૩/૨૦૨૧ બાદ કોઇપણ વિદ્યાર્થીનું આવેદનપત્ર ભરવાનું બાકી રહી ગયેલ હોય તો **તા.૨૨/૦૩/૨૦૨૧ સુધીમાં** નીચેના દસ્તાવેજો સાથે બોર્ડની વિજ્ઞાનપ્રવાહ(ક) શાખાનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

૧) વેબસાઇટ પર મુકવામાં આવેલ ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહનું નિયત નમૂનાનું ફોર્મ ભરી આચાર્યના સહી સિક્કા સાથે લાવવાનું રહેશે અને અન્ય જરૂરી દસ્તાવેજો સાથે લાવવાના રહેશે.

૨) સચિવશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડના નામનો, લેઇટ ફી સાથેનો D.D. (Payable at gandhinagar) લાવવાનો રહેશે.

<u>નોંધ</u>:- લેઇટ ફી માંથી કોઇપણ પ્રકારના વિદ્યાર્થીને મુક્તિ આપવામાં આવશે નહી. લેઇટ ફી ના તબક્કા નીચે મુજબ રહેશે.

દ્વિતીય તબક્કો: ૦૩/૦૩/૨૦૨૧ થી ૧૨/૦૩/૨૦૨૧ (લેઇટ ફી રૂ.૩૦૦/-)

તૃતીય તબક્કો: ૧૩/૦૩/૨૦૨૧ થી ૨૨/૦૩/૨૦૨૧ (લેઇટ ફી રૂ.૩૫૦/-)

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૦૨/૦૩/૨૦૨૧
સ્થળ :- ગાંધીનગર